# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 16-08-2024** **Evening : 7.10 to 7.20**
**Day : Friday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સંસ્કૃતિ ભૂંડિયા** વાંચે છે.

---

- ❖ કોલકતામાં તબીબ સાથેના દુષ્કર્મ અને હત્યાની ઘટનાના વિરોધમાં દેશભરની સાથે રાજ્યમાં તબીબોની હડતાળ.. અમદાવાદમાં આવતીકાલે કેન્ડલ માર્ચ યોજાશે..
- ❖ સાયબર ક્રાઈમનો ભોગ બનેલા બે લાખ ૧૪ હજારથી વધુ બેંક ખાતાઓ અનફ્રીઝ કરીને છેતરપીંડીનો ભોગ બનેલા લોકોને ગુજરાત પોલીસે રાહત આપી..
- ❖ ગુજરાતમાં આજથી ડિજિટલ પાક સર્વેનો પ્રારંભ થયો..આગામી ૪૫ દિવસ સુધી રાજ્યભરમાં સર્વે થશે..
- ❖ 70મા રાષ્ટ્રીય ફિલ્મ એવોર્ડમાં ગુજરાતના ચલચિત્ર “કચ્છ એક્સપ્રેસ”ને ત્રણ રાષ્ટ્રીય પુરસ્કાર મળ્યા- મુખ્યમંત્રીએ ફિલ્મના દિગ્દર્શક અને કલાકારોને અભિનંદન આપ્યા..
- ❖ ‘ગરવી-ગુર્જરી’ ભારત સરકારની ટ્રેડમાર્ક બ્રાન્ડ બની...ગુજરાતના કલા-કારીગરોના ઉત્પાદનોને બ્રાન્ડ ઓળખનો વિશિષ્ટ અધિકાર મળ્યો..

------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# DOCTORS STRIKE

કોલકાતામાં મહિલા તબીબ સાથે થયેલા કથિત દુષ્કર્મ અને હત્યાના વિરોધમાં આવતીકાલે દેશભરની સાથે સાથે રાજ્યભરમાં તબીબોએ હડતાળની જાહેરાત કરી છે.

અમદાવાદ મેડિકલ એસોસિએસન દ્વારા આજે પત્રકાર પરિષદ યોજીને આ હડતાળની જાહેરાત કરવામાં આવી છે..આવતીકાલે સવારે છ વાગ્યાથી લઇને ૧૮ તારીખ સવારે ૬ વાગ્યા સુધી ઓપીડી તેમજ તમામ તબીબી પ્રક્રિયાથી તબીબો અળગા રહેશે.. જ્યારે અમદાવાદમાં સાતસો તબીબો રેલી યોજીને પોતાનો વિરોધ વ્યક્ત કરશે. આ ઉપરાત અમદાવાદ મેડિકલ એસોસિએશનની ઓફિસથી લઇને ઇન્કમટેક્ષ સર્કલ સુધી સાંજે કેન્ડલ માર્ચ યોજાશે. કોલકતાની ઘટનામાં દોષિતો સામે કડક કાર્યવાહી અને ન્યાય તેમજ તબીબોની સલામતીની માંગણી સાથે આ હડતાળ કરવામાં આવી રહી છે..

બીજી તરફ, કોલકતાની ઘટનાના વિરોધમાં સુરત અને ભાવનગરમાં પણ તબીબોએ આજે રેલી યોજીને હડતાળ કરી હતી તેમજ આ પ્રકરણમાં ન્યાયની માંગણી કરીને પોતાનો વિરોધ વ્યક્ત કર્યો હતો.

# CYBER CELL YADI

ગુજરાત પોલીસે બેંક એકાઉન્ટ ફ્રીઝ કરવા અંગેની પોલિસીમાં મહત્વપૂર્ણ સુધારો કર્યો છે, જે અંતર્ગત હવે છેતરપિંડી થઈ હોય તેટલા જ નાણાં ફ્રીઝ કરાશે. આ નિર્ણાયક પગલું નાગરિકોની નાણાકીય સુરક્ષા અને અસરગ્રસ્ત લોકોને ન્યાય અપાવવાની ખાતરી દર્શાવે છે.

એક યાદીમાં જણાવ્યા મુજબ, ગુજરાત પોલીસના સાયબર સેલ દ્વારા સાયબર ક્રાઈમનો ભોગ બનનારા વ્યક્તિઓના 2 લાખ 14 હજારથી વધુ બેંક ખાતાઓ અનફ્રીઝ કરાયા છે.

ઉલ્લેખનીય છે કે, સાયબર સેલ રાજ્યના નાગરિકો માટે ડિજિટલ સુરક્ષિત વાતાવરણનું નિર્માણ કરવા માટે સક્રિય છે.

## GUJ. CROP SERVY

સમગ્ર ગુજરાતમાં આજથી ડિજિટલ પાક સર્વેની કામગીરીનો પ્રારંભ કરવામાં આવ્યો છે, જે આગામી ૪૫ દિવસ સુધી ચાલશે. ગુજરાતના 33 જિલ્લાની તમામ ખેતીલાયક જમીનના આશરે એક કરોડથી વધુ સર્વે પ્લોટને ડિજિટલ સર્વેમાં આવરી લેવામાં આવશે.

રાજ્યમાં અગાઉ મહેસૂલ વિભાગ દ્વારા પાણીપત્રક નમૂના નં. ૧૨ની નોંધણી કરવામાં આવતી હતી, જે પૂરે-પૂરી થતી નહોતી. ડિજિટલાઈઝ ક્રોપ સર્વે થતાં હવે ૧૦૦ ટકા પાણીપત્રક નમૂના નં. ૧૨માં નોંધણી થશે. પરિણામે નમૂના નં. ૧૨માં પાકની નોંધણી બાબતે ખેડૂતોને વધુ સુગમતા રહેશે. ગુજરાતના 33 જિલ્લાઓના કુલ ૧૮ હજાર ૪૬૪ ગામના અંદાજિત એક કરોડ જેટલા સર્વે નંબરમાં પાક વાવેતરનો ડિજિટલ ક્રોપ સર્વે કરવામાં આવશે.

## WEATHER

રાજ્યભરમાં આગામી પાંચ દિવસ ભારે વરસાદની શક્યતા નહીંવત છે, તેમ હવામાન વિભાગે જણાવ્યું હતું. હવામાન વિભાગના વૈજ્ઞાનિક રામાશ્રય યાદવે જણાવ્યું હતું કે, અત્યાર સુધીમાં વરસાદની છ ટકા જેટલી ઘટ છે.

### (બાઇટ- રામાશ્રય યાદવ)

## FILM AWARD- CM CONGRATULATES

વર્ષ 2022 માટેના 70મા રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારોમાં ગુજરાતી ફિચર ફિલ્મ "કચ્છ એક્સપ્રેસ"ને રાષ્ટ્રીય,સામાજિક અને પર્યાવરણીય મૂલ્યોને પ્રોત્સાહન આપતી શ્રેષ્ઠ ફિચર ફિલ્મનો પુરસ્કાર મળ્યો છે. મહિલા સશક્તીકરણનો મુદ્દો મજબૂત રીતે રજૂ કરતી આ ફિલ્મ વિવેચકોએ ખૂબ વખાણી હતી.

આ ફિલ્મના નિર્માતા સોલ સૂત્ર એલએલપી છે તેમજ દિગ્દર્શક વિરલ શાહ છે. તેઓને 2 લાખ રૂપિયાનો રોકડ પુરસ્કાર જાહેર થયો છે. આ સાથે આ ફિલ્મની મુખ્ય ભૂમિકામાં રહેલી અભિનેત્રી માનસી પારેખને શ્રેષ્ઠ અભિનેત્રી તરીકેનો એવોર્ડ જાહેર થયો છે. જેમને સંયુક્ત રીતે રૂપિયા બે લાખનો પુરસ્કાર તેમજ રજત કમલ એનાયત થશે. આ ઉપરાંત, "કચ્છ એક્સપ્રેસ" ફિલ્મ માટે શ્રેષ્ઠ કોસ્ચ્યુમ ડિઝાઈનરનો એવોર્ડ નિકી જોશીના ફાળે ગયો છે. આ માટે નિકી જોશીને 2 લાખ રૂપિયાનો રોકડ પુરસ્કાર અને રજત કમલ પ્રદાન કરાશે.

ઉલ્લેખનીય છે કે, રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર દેશનો સૌથી પ્રતિષ્ઠિત ફિલ્મ પુરસ્કાર છે. તેની શરૂઆત 1954માં થઈ હતી. આ કાર્યક્રમનું આયોજન કેન્દ્રીય માહિતી અને પ્રસારણ મંત્રાલય દ્વારા કરવામાં આવે છે. આ પછી રાષ્ટ્રપતિ આ પુરસ્કારોનું વિતરણ કરે છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે "કચ્છ એક્સપ્રેસ"ને મળેલા ત્રણ પુરસ્કાર અંગે ખુશી વ્યક્ત કરી હતી.. તેમણે ફિલ્મના દિગ્દર્શક અને અભિનેતા તેમજ કોસ્ચ્યુમ ડિઝાઇનીંગનો એવોર્ડ મેળવનાર નીકી જોશીને પણ અભિનંદન આપ્યા હતા..

# GSHHDC- TRADEMARK

ગુજરાત રાજ્ય હાથશાળ અને હસ્તકલા વિકાસ નિગમ- GSHHDCને તેની બ્રાન્ડ 'ગરવી ગુર્જરી'માટે કેન્દ્ર સરકાર દ્વારા ટ્રેડમાર્ક પ્રમાણપત્ર આપવામાં આવ્યું છે. નિગમે આ પ્રમાણપત્ર મેળવીને ગુજરાત માટે એક મહત્વપૂર્ણ સીમાચિહ્ન હાંસલ કર્યું છે. આ ટ્રેડમાર્ક પ્રમાણપત્ર રાજ્યના હાથસાળ-હસ્તકલા ક્ષેત્રના વિકાસ અને સુરક્ષા માટે મુખ્ય ભૂમિકા ભજવશે.

નિગમના મેનેજીંગ ડિરેક્ટર લલિત નારાયણ સિંહ સાંદુએ કહ્યું કે, કેન્દ્ર અને રાજ્ય સરકાર તરફથી રાજ્યની વંશ પરંપરાગત કલા-કારીગરીને સતત પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે અને તેના પરિણામે નિગમની "ગરવી

ગુર્જરી" બ્રાન્ડને ભારત સરકારનું ટ્રેડમાર્ક પ્રમાણપત્ર હાંસલ થયું છે. તેમણે કહ્યું કે, આ ટ્રેડમાર્કની નોંધણી હાથશાળ અને હસ્તકલાના ઉત્પાદનોનાં બજારમાં એક અલગ ઓળખ સ્થાપિત કરશે.

# CM- AT HOME

ગાંધીનગરમાં રાજભવનમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં સ્વાતંત્ર પર્વની સાંજે 'એટ હૉમ'કાર્યક્રમ યોજાયો હતો. રાજ્યપાલે આ કાર્યક્રમમાં સફાઈ કામદારો અને સમાજના શ્રમયોગીઓને 'એટ હૉમ'માં આમંત્ર્યા હતા...પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પ્રજાસત્તાક પર્વે લાલ કિલ્લાની પ્રાચીર પરથી પ્રાકૃતિક કૃષિને પ્રાધાન્ય આપ્યું એ માટે રાજ્યપાલે પ્રધાનમંત્રીનો આભાર વ્યક્ત કર્યો હતો..

પંજાબના ગાયક જગત વર્માએ રાષ્ટ્રગીતોથી 'એટ હૉમ' કાર્યક્રમને દેશભક્તિના રંગે રંગ્યો હતો. પ્રાકૃતિક કૃષિ ઉત્પાદનોનું પ્રદર્શન પણ આ અવસરે ગોઠવાયું હતું.

# PORBANDAR- PETORAL PUMP

માછીમારોને રાહતદરે પેટ્રોલ મળી રહે તે માટે પોરબંદરમાં પેટ્રોલ પંપ શરૂ કરાયો છે.. સરકાર દ્વારા જાહેર કરાયેલી આ સબસીડી સાથે માછીમારોની બોટ માટે પણ પેટ્રોલ આપવાની જાહેરાત કરવામાં આવી હતી.. આ પેટ્રોલ પંપ માટે જમીન ફાળવી દેવાતા હવે પેટ્રોલ પંપ શરૂ કરાયો હોવાનું પોરબંદરના ધારાસભ્ય અર્જૂન મોઢવાડિયાએ જણાવ્યું હતું...

**(બાઇટ- અર્જુન મોઢવાડિયા- ધારાસભ્ય)**

# EK PED MAA KE NAM

રાજ્યભરમાં 'એક પેડ માં કે નામ'અભિયાન અંતર્ગત વન મહોત્સવ અને વૃક્ષારોપણ જેવા વિવિધ કાર્યક્રમો યોજાઇ રહ્યા છે.

આ અભિયાન અંતર્ગત વલસાડના વાપીમાં નાણાંમંત્રી કનુભાઈ દેસાઈના અધ્યક્ષસ્થાને વન મહોત્સવની ઉજવણી કરવામાં આવી.. આ પ્રસંગે મંત્રીશ્રીએ વૃક્ષારોપણ કરી વૃક્ષ રથને લીલીઝંડી આપી રોપા વિતરણ કર્યું.. શ્રી દેસાઇએ જણાવ્યું હતું કે, વૃક્ષારોપણની સાથે સાથે વરસાદી પાણીના સંગ્રહને પણ પ્રોત્સાહન અને પ્રાધન્ય આપવું જોઇએ. કાર્યક્રમ દરમિયાન તેમણે વન વિભાગની વિવિધ યોજનાના લાભાર્થીઓને સહાય વિતરણ કર્યું..

મોરબીમાં રાજ્યસભાના સાંસદ કેસરીદેવસિંહજી ઝાલાના અધ્યક્ષસ્થાને જિલ્લાકક્ષાનો વન મહોત્સવ ઉજવાયો. આ પ્રસંગે સાંસદ શ્રી ઝાલાએ જિલ્લામાં તાલુકા દીઠ અંદાજે 1 લાખ 25 હજાર રોપાના વાવેતરની પ્રશંસા કરી હતી અને લોકોને વધુ વૃક્ષો વાવવાની અપીલ કરી હતી.

મહેસાણા જિલ્લામાં પણ ‘એક પેડ માં કે નામ’ અભિયાન અંતર્ગત વડનગરમાં તાલુકા કક્ષાનો વન મહોત્સવ યોજાયો. જેમાં ગામડાઓમાં રોપા વિતરણ માટે "વૃક્ષ રથ"નું ધારાસભ્યએ પ્રસ્થાન કરાવ્યું હતું, આ પ્રસંગે વન વિસ્તરણ અધિકારીએ માહિતી આપતાં જણાવ્યું કે,વડનગર તાલુકામાં 197 હેકટર જમીનમાં વૃક્ષ વાવવામાં આવ્યા છે.

# NEWS IN BRIF

## અને હવે કેટલાક સમાચાર સંક્ષિપ્તમાં...

- મહેસાણા જિલ્લામાં પ્રથમ વખત મોબાઈલ એપથી પહેલી સપ્ટેમ્બરથી 31મી ડિસેમ્બર સુધી પશુઓની ગણતરી કરાશે.
- ભાવનગરમાં શાંતિલાલ હાઇસ્કૂલ ખાતે અંગદાન જાગૃતિ રેલીનું આયોજન કરવામાં આવ્યું..

- દિવમાં પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય દ્વારા પોલીસકર્મીઓને રાખડી બાંધીને રક્ષાબંધનની ઉજવણી કરાઇ. તો મહિસાગર જીલ્લા પોલીસની શી ટીમ દ્વારા સિનિયર સીટીઝન સાથે રક્ષાબંધન પર્વની ઉજવણી કરાઇ..
- કેન્દ્રશાસિત પ્રદેશ દીવના ભાજપ કાર્યાલયમાં શ્રી વાજપેયીની પુણ્યતિથિ નિમિત્તે પુષ્પાંજલિ અર્પણ કરાઇ..
- ભાવનગર નજીક બંધ ટ્રક સાથે કાર અથડાતાં બે વ્યક્તિના મૃત્યુ થયા- અકસ્માત અંગે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી..
- મહેસાણાની સાંકળચંદ પટેલ યુનિવર્સીટીમાં માર્ગ સલામતી સપ્તાહ અંગેનો સેમિનાર યોજાયો..
- તાપી જીલ્લાના વાલોડ ખાતે 30 જેટલી બહેનોએ પ્રાકૃતિક ખેતી અંગે તાલીમ મેળવી..